મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૨૬- ૨૭માં "આંતરદેશીય મત્સ્યોદ્યોગ કેજમાં વપરાતી જાળ ઉપર સહાય" માટેની નવી બાબત અંગેની યોજનાકીય શરતો અને બોલીઓમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/BUM/e-file/2/2026/0040/T**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા:-</u>

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/BUM/e-file/2/2026/0040/T, તા.૦૧/૦૪/૨૦૨૬.

(૨) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/0103/04/2026, તા.૦૭/૦૪/૨૦૨૬.

<u>પ્રસ્તાવના:-</u>

ઉપર વંચાણે લીધેલ ક્રમ (૧) સામે દર્શાવેલ વિભાગના ઠરાવથી "આંતરદેશીય મત્સ્યોદ્યોગ કેજમાં વપરાતી જાળ ઉપર સહાય"ની યોજનાને ગુજરાત રાજ્યમાં આવેલ મોટા જળાશયોમાં મત્સ્યબીજ ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવાની યોજનાના બજેટ સદર: ૦૬-૨૪૦૫-૦૦-૧૦૧-૦૨ હેઠળ મંજૂર થયેલ નવી બાબતની યોજનાકીય શરતો અને બોલીઓ

નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવમાં ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી આ નવી બાબતના યોજનાકીય ઠરાવમાં શરત ઉમેરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે મુજબ આ નવી બાબત હેઠળ આ યોજનાના ૧૦૦ ટકા અમલીકરણ માટે અને લાભાર્થીઓને અર્થઘટનમાં સરળતા રહે તે સહાયનું ધોરણ અને સહાયની ટોચ મર્યાદા નક્કી કરવા માટે આ નવી શરત ઉમેરવાની જરૂરીયાત જણાયેલ હતી. જે મુજબનો સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**: સુધારો :**

વિચારણાને અંતે મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળની "આંતરદેશીય મત્સ્યોદ્યોગ કેજમાં વપરાતી જાળ ઉપર સહાય" યોજનાની નવી બાબતની શરતો અને બોલીઓ નક્કી કરતાં આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવની "શરતો" મથાળા હેઠળની શરત-૯ બાદ નીચે મુજબની શરત-૧૦નો ઉમેરો કરવામાં આવે છે.

| ક્રમ | ઉમેરેલ શરત |
|---|---|
| ૧૦ | આંતરદેશીય મત્સ્યોદ્યોગ કેજમાં વપરાતી જાળ ઉપર યુનિટ કોસ્ટ રૂ.૩૦૦/- પ્રતિ ક્યુબીક મી.ના ૫૦% સહાય અથવા ખરેખર થયેલ ખર્ચ પૈકી જે ઓછું હશે તે સહાય મળવાપાત્ર રહેશે. સહાયની ટોચ મર્યાદા વ્યક્તિગત લાભાર્થીઓ માટે ૧૮૦૦ ઘનમીટર ઘનફળ ધરાવતા અથવા ૧૮ યુનિટ ફીશકેજ બે માંથી જે ઓછું હોય તેની મર્યાદામાં ચુકવવાનુ રહેશે. જયારે સંસ્થાકીય અરજદાર જેવા કે મત્સ્યોદ્યોગ મંડળીઓ અને મત્સ્યોદ્યોગ સહકારી સંઘ માટે ૭૨૦૦ ઘનમીટર ઘનફળ ધરાવતા અથવા ૭૨ યુનિટ ફીશકેજ બે માંથી જે ઓછું હોય તેની મર્યાદામાં ચુકવવાનુ રહેશે. |

વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૬ના ઠરાવની અન્ય શરતો અને બોલીઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સમાનાંકી ઈ-ફાઈલ પર નાણાં વિભાગ અને સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નારણ ડી. ચૌધરી)

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**પ્રતિ ,**

(૧) માન. મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી, મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી (કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) ઉપ મહાલેખાકારશ્રી(ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડિટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ.

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર

વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી ,ગાંધીનગર.

(૧૦)પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.

(૧૧) IT શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની સાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨) સીલેકટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified

Signed by:Naran Chaudhary
Section Officer
Date:2026.08.21
12:30:09 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign